





## હિમતનગરમાંથી શુક્રવારે સવારથી જ અંબાજી જતા પદયાત્રીઓની રથ સાથે હારમાળા સર્જાઈ

ભાદરવી પૂનમને લઈને રાજ્યભરમાંથી પગપાળા પદયાત્રીઓ સંઘ અને રથ સાથે અંબાજી જઈ રહ્યા છે ત્યારે સાબરકાંઠા જીલ્લાના માર્ગો પર પદયાત્રીઓની હારમાળા સર્જાય છે ત્યારે હિમતનગરમાં પોલીસ વડા કચેરીએ ભવ્ય વિસામો કર્યો છે જેમાં પોલીસ બે ફરજ બજાવે છે એક સુરક્ષા અને બીજી સેવાએ બંને સેવાઓ થી પદયાત્રીઓ પણ ખુશ છે ત્યારે શુક્રવારે જીલ્લા પોલીસ વડા પ્રવીણ મલ્લ પણ પદયાત્રીઓને ભોજન પીરસતા નજરે પડ્યા છે.



પાલનપુર ડીસા હાઈવે પર આવેલ જોડનાપુરા પાટિયા નજીક એક ખેતર માં અજગર દેખાતા આસપાસ ના ખેડૂતો માં માં ભય નો વાતાવરણ છવાઈ ગયો હતો આજે બપોરે ના સમય બેચરભાઈ પટેલ ના ખેતરમાં આવેલા પાણી ની કુંડી ની આઠ ફૂટ નો અજગર દેખતા ખેડૂતો નું મોટું ટોળું એકત્ર થયું ગયું હતું અચાનક આઠ ફૂટ ની લંબાઈ ધરાવતું અજગર જોઈને ખેડૂતોને પણ નવાઈ લાગી હતી જો કે અજગર ને નજરે જોનારા એ લોકો તાત્કાલિક વનવિભાગ ને ટેલિફોનિક જાણ કરતા વનવિભાગ ટીમ ઘટના સ્થળે પોહચી ગઈ હતી અજગર ને પકડ્યા બાદ વનવિભાગ ની ટીમે બાલારામ જંગલ માં છોડ્યો હોવાનું જાણવા મળ્યું છે.

# મોડાસા શહેરમાં ચોર, લૂંટારૂઓ બેફામ

## માલપુર રોડ પર પાર્ક કરેલી સેન્ટ્રો કારમાંથી ૨.૫ લાખની બેગની ઉઠાંતરી

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લા પોલીસતંત્રની અને મોડાસા ટાઉન પોલીસની નબળી કામગીરીથી જિલ્લાના પ્રજાજનોમાં ભારે આક્રોશ ફેલાયો છે. જિલ્લાના વડામથક મોડાસા શહેરમાં ચોરો, તસ્કરો, પાકીટમારો, ચેઈન સ્નેચરો અને ઘરફોડીયા ગેંગ બિંદાસ્ત લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. મોડાસા ટાઉન પોલીસ સબ સલામતના સ્વપ્નાઓમાં રાચી રહી છે અને હાથ પર હાથ મુકીને બેસી રહ્યા હોય તેમ ચોર, લુંટારૂ ગેંગ દ્વારા, ચોરી લૂંટ અને તફડંચીની ઘટનાઓનો સીલસીલો યથાવત રહ્યો છે. કાર અને વાહનોમાંથી રૂપિયાની તફડંચી કરતી ગેંગ સક્રિય થતા શહેરીજનોમાં ભય ફેલાયો છે.

શુક્રવારે માલપુર રોડ પર રોકડીયા હનુમાન મંદિર સામેથી કારમાંથી ૨.૦૫ લાખ રૂપિયા ભરેલી બેગ, દસ્તાવેજો અને ચેક બુક લઈ ગઠિયો રફુચક્કર થઈ જતા કાર માલિક હાંફળો-ફાંફળો બની ગયો હતો.






પ્રાપ્ત માહિતી મુજબ મોડાસા શહેરમાં સીસીટીવી કેમેરા બંધ હોવાથી અને પોલીસતંત્રની નબળી કામગીરીનો ફાયદો ચોર-લુંટારૂ ગેંગ ઉઠાવી રહ્યાનું મોડાસા શહેમરાં લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે.

મેઘરજ તાલુકાના શાન્તીપુરા ગામના ચેતનભાઈ એન. પટેલ અને બેચરભાઈ એમ. પટેલ શુક્રવારે જીઆઈડીસીના નકશા કઢાવવા અને દવાઓની કંપનીનો ડી.ડી. કઢાવવા ૨.૦૫ લાખ રૂપિયા રોકડા લીને મોડાસા શહેરની બેંકમાં ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવવા જતા પહેલા જીઆઈડીસીના નકશા કઢાવવા માલપુર રોડ પર આવેલી પ્રતિક સેલ્સ નામની ઓફીસ આવ્યા હતા. ચેતનભાઈ પ્રતિક સેલ્સ દુકાન આગળ તેમની સેન્ટ્રો કાર (ગાડી નં. જીજે-૦૯.બીબી.૩૯૦૯) પાર્ક કરીને ગયા હતા તેમની બાજુમાં બેચરભાઈ એસ. પટેલ કારમાં બેઠેલા હોવાથી ગાડીને લોક માર્યા વગર નકશા કઢાવી પાછા ફર્યા ત્યારે સેન્ટ્રો કારની પાછળ રૂપિયા ૨.૦૫ લાખ રૂપિયા ભરેલી બેગ ગાયબ હોવાનું જણાતા તેમની બાજુમાં બેઠેલા બેચરભાઈને આ અંગે વાત કરતા બેચરભાઈ પણ થેલો ગાયબ થવાની ઘટનાથી અજાણ હોવાનુ જણાવતા કોઈ ગઠિયો કરામત કરી રૂપિયા ભરેલી બેગ લઈ રફુચક્કર થઈ જવાનુ જણાઈ આવતા બેબાકળા બની ગયા હતા. અને આજુબાજુ તપાસ કરતા કોઈનો અત્તોપત્તો લાગ્યો ન હતો.

કાર માલિકે પ્રતિક સેલ્સની બાજુની દુકાનના સીસીટીવી કેમેરા ચેક કરતા તેમના કેમેરામાં કારનું કેપ્ચરીંગ ન થતા ચોરીની ઘટના અંગે મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા મોડાસા ટાઉન પોલીસ દ્વારા કારની આગળની સીટમાં બેઠેલો વ્યક્તિ હોય અને પાછળની સીટમાંથી લાખ્ખો રૂપિયાની બેગ ચોરાઈ જવાની વાત ગળે ન ઉતરતા પોલીસે ફરિયાદ લેવાનો નન્નો ભણ્યો હતો અને કારમાલિકને સોગંદનામુ કરાવી લાવો પછી જ ફરિયાદ નોંધવાની વાત કરતા કારમાલિક દ્વારા સોગંદનામુ કરાવી ફરિયાદ કરવા તજવીજ હાથ ધરી હતી.

# તલોદમાં ઠેર ઠેર ગણેશોત્સવની ઉજવણી

## માતાજી મંદિર, શ્રીનાથજી હવેલી નજીક, મઠમા, સર્વોદય સોસાયટી, અંબિકાનગર, માણેકલાલ માસ્તરની ચાલી, કચ્છી સમાજવાડી સહિત અનેક સ્થળોએ દુંદાળા દેવની સ્થાપના

તલોદ, તા. ૯

ભાદરવાસુદ ચોથ એટલે કે ગણેશ ચતુર્થીથી વિઘ્નહર્તા દેવ ગણપતીદાદાનું તલોદમાં અનેક સ્થળોએ મુર્તિસ્વરૂપે આગમન થયુ છે. દુંદાળા દેવની ૧૧ દિવસ સુધી સવાર-સાંજ પૂજા-અર્ચના આરતી ભારે ધામધૂમથી આયોજીત થઈ છે. સમગ્ર શહેર ગણેશભક્તિમાં ઓતપ્રોત બની ગણેશમય બની ગયુ છે. ગણપતિદાદાની સ્થાપત્ય જગ્યાએ દૈનિક વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજીત થઈ રહ્યા છે. ભક્તો ભારે હર્ષોઉલ્લાસ સાથે આ પર્વની શ્રદ્ધાભેર ઉજવણી કરી રહ્યા છે.



તલોદમાં ગણેશ ચતુર્થીના દિવસે માતાજી મંદિરમાં, શ્રીનાથજી હવેલી નજીકમાં, તલોદના મઠમાં, સર્વોદય સોસાયટી, અંબિકાનગર, માણેકલાલ માસ્તરની ચાલી, કચ્છી સમાજવાડી સહિત અનેક સ્થળોએ દુંદાળાદેવ ગણપતી દાદાનું વિધિવત રીતે સ્થાપન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ સ્થળોએ દૈનિક પૂજા-અર્ચના આરતી, મહાપ્રસાદનું મૂળજ સુંદર આયોજન થાય છે.

વળી તલોદના મઠમાં મોડી રાત્રી સુધી ધાર્મિક તેમજ સાંસ્કતિક પ્રસંગો યોજાઈ રહ્યા છે. જેમાં ક્ષત્રિય યુવક મંડળના ઉત્સાહિ કાર્યકરો દ્વારા ગરબા-રાસનું ભવ્ય આયોજન કરી ખેલૈયાઓને ચા-નાસ્તો અને લાહણી સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવી રહ્યા છે. પૂર્વ પાલિકા પ્રમુખ પ્રો. આર.બી. સોલંકીએ પણ વિઘ્નહર્તા ગણપતિના આ પ્રસંગે શ્રેષ્ઠ રીતે ઉજવાય તેવા ઉમદા હેતુથી તમામ પ્રકારની સહાય પુરી પાડવા કાર્યકરોને આશ્વાસન આપ્યુ હતુ. તલોદમાં દર વર્ષ કરતા ચાલુ વર્ષે ગણપતિ સ્થાપન મોટી સંખ્યામાં વધી જતા લોકોની આસ્થામાં અનેક ગણો વધારો થયો છે.



## ડીસાથી લોધા પરિવારનો યાત્રા સંઘ અંબાજી જવા રવાના

વિશ્વ વિખ્યાત યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાના કાઉન ડાઉન વચ્ચે પગપાળા યાત્રિકો માતાજીના દર્શનાર્થે જવા લાગ્યા છે. ત્યારે ડીસા શહેર રાજપુર રેલ્વે સ્ટેશન વિસ્તારના લોધા સમાજના આશિયા પરિવાર દ્વારા પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ અંબાજી પગપાળા યાત્રા સંઘનું આયોજન કરવામાં આવ્યું છે. અરવિંદભાઈ લોધા સહિત પરિવારજનો ગુરૂવારે ડીસાથી માતાજીના દર્શનાર્થે રવાના થયા હતા. આ યાત્રા સંઘમાં પરિવારજનો સાથે બાળકો પણ જોડાયા છે. પોતાની ગાડી સાથે જીવન જરૂરી વસ્તુઓ પણ લઈ જવામાં આવી છે. છેલ્લા ઘણા વર્ષોથી આ યાત્રાસંઘ નિર્વિઘ્ને સંપન્ન થાય છે.

# આજથી અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાનો પ્રારંભ

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે પ્રતિવર્ષ યોજાતા ભાદરવી મહામેળાનો આવતીકાલ તા. ૧૦ સપ્ટેમ્બરથી પ્રારંભ થશે. તા. ૧૦થી ૧૬ સપ્ટેમ્બર દરમ્યાન યોજાનાર આ મહામેળામાં લાખો માઈભક્તો દુરદુરથી ચાલતા આવીને મા ના ચરણોમાં મસ્તક નમાવી ધન્ય બનશે. યાત્રીકોને જરૂરી તમામ સુવિધાઓ સરળતાથી અને પુરતા પ્રમાણમાં મળે તે માટે જિલ્લા વહીવટીતંત્ર અને શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વ્યાપક સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઈ છે. ઉલ્લેખનીય છે કે મેળાના બે માસ અગાઉથી કલેક્ટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન જેનુ દેવનના અધ્યક્ષસ્થાને મેળાની વ્યવસ્થા સંબંધી અધિકારીઓ સાથે બેઠકો યોજીને સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે.

અંબાજી ભાદરવી મહામેળામાં પદયાત્રા કરીને અંબાજી જવાનો મહિમા હોવાથી લોકો દુરદુરથી ચાલતા અંબાજી જાય છે. આદ્યશક્તિ મા અંબે શક્તિ સ્વરૂપ હોવાથી પદયાત્રા દ્વારા કષ્ઠ વેઠીને અંબાજી જવાથી માતાજી પ્રસન્ન થાય છે તેવી માન્યતા હોવાથી માઈભક્તો થાક કે તકલીફની પરવા કર્યા વિના બોલ મારી અંબે... જય જય અંબેના પ્રચંડ જયઘોષ સાથે અંબાજી જાય છે. ઘણા દંપતિઓ પોતાના ૬-૭ મહિનાના નાના બાળકને પારણામાં ઝુલાવતા ઝુલાવતા અંબાજી જાય છે. બે ત્રણ દિવસ પછી દાંતા-અંબાજીના રસ્તાઓ ઉપર ભરચક જનમેદની જોવા મળશે. રસ્તાઓ ઉપર વિશાળ સંખ્યામાં ઠેર ઠેર વિવિધ સેવાકેન્દ્રો પણ કાર્યરત બની રહ્યા છે.

મેળા પ્રસંગે તમામ સુવિધાઓ સારી રીતે જળવાઈ રહે અને યાત્રીકોને સરળતાથી લાભ મળે તે માટે કુલ ૧૮ જેટલી વિવિધ સમિતિઓ બનાવીને અધિકારીઓ, કર્મચારીઓને ફરજ સોંપણીના આદેશ કરવામાં આવ્યા છે. સમિતિઓમાં આરોગ્ય, સ્વચ્છતા, રસ્તા મરામત, પાણી પુરવઠા, વિદ્યુત પ્રવાહ, ટ્રાફિક નિયંત્રણ અને પાસ આપવાની વગેરે સમિતિઓનો સમાવેશ થાય છે.



## પ્રાંતિજ ખાતે રેઈમુ ગોજુરીયુ એસોસીએશન ગુજરાત દ્વારા કરાટેની પરીક્ષા લેવાઈ

પ્રાંતિજ ખાતે રેઈમુ ગોજુરીયુ એસોસીએશન ગુજરાતના જનરલ સેક્રેટરી હાર્દિક બ્રહ્મભટ્ટના નેજા હેઠળ કરાટેની પરીક્ષા યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓનું ટેકનીકલ સ્ટાન્ડર્ડ, સ્ટેમીના, વ્હીલપાવર, કાતા, શારીરિક માનસિક ચંચળતા, ઝડપ, સમય સૂચકતા, સમતુલા, શ્વાસોશ્વાસ ક્રિયા અને તેના પર નિયંત્રણ કરનાર શક્તિની એકાગ્રતા જેવી વિવિધતા ચકાસવામાં આવી હતી. જેમાં પ્રાંતિજના બાળકો વ્હાઈટ બેલ્ટ તેમજ યલો બેલ્ટ તેમજ ગ્રીન બેલ્ટ, બ્રાઉન બેલ્ટની પરીક્ષા આપી સફળતાપૂર્વક ઉત્તિર્ણ થયા હતા.

# પ્રાંતિજ તથા તાલુકામાં ગણેશ મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિઘ્નહર્તા ગણેશજીની મૂર્તિઓનું વિવિધ જગ્યાએ સ્થાપના કરવામાં આવી છે. જેમાં ગણેશ મંડળો દ્વારા આ વર્ષે ગણેશજીને રીઝવવાની સાથે ગણેશ ભક્તોને સ્વચ્છતાની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાંતિજ ખાતે દેવોના દેવ મહાદેવના પુત્ર ગણેશની ઘરે ઘરે તથા વિવિધ ગણેશ મંડળો દ્વારા સાર્વજનિક પંડાવ બનાવી દસ દિવસ માટે સ્થાપના કરવામાં આવી છે. ત્યારે પંડ્યાવાસ ખાતે પણ ગણેશ પડાવમાં ગણેશ ભક્તોની ભીડ જોવા મળી હતી અને દાદાના દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી. જ્યારે ગુર્જરની પોળ ખાતે પણ દાદાની આરતીના સમયે ગણેશ ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડે છે અને નિયમિત દાદાની આરતીની સાથે ગણેશ ભક્તો દ્વારા દર્શન કરી ધન્યતા અનુભવે છે. ત્યારે પ્રાંતિજ ઉડીફળી ખાતે પણ વિઘ્નહર્તાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. જેમાં ગણેશ મંડળના આયોજકો દ્વારા ભવાઈનું આયોજન કર્યું હતું. જેમાં યંત્ર યુગમાં ગણેશ મહોત્સવ દરમ્યાન વિસરાઈ જતી ભવાઈમાં નવા રંગ પુરાતા લોકો દાદાની ભક્તિની સાથે લાઈવ હાસ્યનો પણ આનંદ માણ્યો હતો. જ્યારે લાલ દરવાજા ખાતે ગણેશ મહોત્સવનો રંગ જામ્યો છે.



**ધાનેરા નગરપાલિકા, જિ. બનાસકાંઠા**

**ટેન્ડર નોટીસ**

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાંથી રખડતા ઢોર પકડવાનું કામ કરવાનો ઈજારો આપવાનો હોઈ રસ ધરાવતી પાર્ટીઓએ તેમના લેટરપેડ ઉપર સાધન સામગ્રી વ્યવસ્થા સાથેની તમામ વિગતો સાથે એક (૧) ઢોર પકડવાના ભાર આપ.પી.એ.ડી.થી નોટીસ પ્રસિદ્ધ થયે દિન-૧૦માં ધાનેરા નગરપાલિકાને મળે તે રીતે ભાવ મંગાવવામાં આવે છે.
ધાનેરા નગરપાલિકા તરફથી ઢોર પકડવાનું વાહન (ટ્રોલી) આપવામાં આવશે.

**શરતો :**
(૧) જરૂરિયાત મુજબના અન્ય સાધનો ઈજારદારે રાખવાના રહેશે.
(૨) ભાવ સાથે રૂ. ૫૦૦૦/-ની એફ.ડી.આર. અથવા નગરપાલિકામાં ભરેલ રકમની પહોંચ મોકલવાની રહેશે.
(૩) ભાવ મંજૂર/નામંજૂર કરવાની સત્તા ધાનેરા નગરપાલિકાને રહેશે.
(૪) ભાવ મંજૂર થયે ૨ વર્ષ સુધી કામગીરી કરવાની રહેશે. અને નગરપાલિકા સાથે રૂ.૧૦૦/-ના સ્ટેમ્પ ઉપર શરતો અંગે કરાર કરવાનો રહેશે.
(૫) કોઈપણ પ્રકારનું શરતી ભાવપત્રક માન્ય ગણાશે નહીં.
(૬) ઓર્ડર મળ્યેથી દિન-પમાં કામગીરી શરૂ કરવાની રહેશે.

નં.ન.પા.ધા./સેની./વશી...સને.૨૦૧૬/૧૭
નગરપાલિકા ધાનેરા, તા. /૯/૨૦૧૬

| | | | |
|---|---|---|---|
| સહી/- | સહી/- | સહી/- | સહી/- |
| (એચ.વી. ભાવસાર) | (નરેશભાઈ કે. ઓડ) | (જગદીશભાઈ પી. ઠક્કર) | (આશાબેન એન. પટેલ) |
| મુખ્ય અધિકારી, ધાનેરા નગરપાલિકા | ચેરમેન સેનીટેશન સમિતિ, ધાનેરા નગરપાલિકા | ઉપપ્રમુખ ધાનેરા નગરપાલિકા | પ્રમુખ ધાનેરા નગરપાલિકા |